સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

બહુમતિના બળથી એ મોટી હામ ભરે છે,
ભલભલાને કહી દે સાચું, બહાદુર ઠરે છે,
ફરે છે હાથમાં લઇ માથું, ડરે ન કોઇથી -
ભાગવતની બિલ્લી, હવે એને જ મ્યાઉં કરે છે
(સ્પષ્ટ બે 'સંદેશ' મોકલ્યા)

હાઈકુ

બધાની સાથે
'યોગ' થાય કુસ્તીનો -
રામદેવને...
(કુસ્તીબાજ બાબા)

એના કરતાં -
કર્ફ્યુ જ લાદી દો ને -,
પંદર દિ'નો..
(રસ્તા બંધ-રીક્ષા બંધ)
પ્રજા માટે

ચિંતન

પ્રાગલ્ભ્યં પ્રપચન્ય શો વિશદયન્ધાટી મુખે યોજયન્ ભૂપાનાં કલયન્કથાં વિરચયન્હસ્તાંગુલીઃ સ્ફોટયન ।
દાનં પલ્લવ યન્ગુણં દ્વિગુણ યન્નેત્રાંચલં ઘૂર્ણયં લંપાકં સવિધં સમેત્ય સદંશાં કિ નામ નો ભાષતે ॥

આ શ્લોકમાં જુદા-લંપાક-લબાડની વાત કરવામાં આવી છે :

'પોતાની જ મોટી મોટી બડાઇ અને ડંફાસ મારતો અને ફેલાવતો માત્ર પોતાના જ યશોગાન ગાતો અને કામના ગાણાં ગાતો, મુખના કૃત્રિમ હાવભાવ અને ચેનચાળા દ્વારા વાત કરતો - રાજા અને રાજ્યકારણ અને ખોટી સાચી ચગાવેલી વાતો કરતો, હાથના આંગળાં ફેરવી-તોળવી-ટચાકા મારતો થોડું આપી દાનથી ખ્યાતિ વધારતો, ગુણોને બેવડી-ત્રેવડી રીતે - મીઠાં-મરચાં-મસાલા ભરી રજૂ કરતો. નેત્રોને ખૂણા નચાવી-આંખો ને નચાવતો, આ માણસ જાહેરસભાઓમાં જો આવી બડાશ ફૂંકી લબાડગીરી કરતો હોય તો, સારાં નેત્રોવાળી સુંદરીઓ પાસે એકાંતમાં શું શું નહીં બોલતો હોય?!'

કેટલાંક માણસો-નેતાઓ જુઠ્ઠા અને લબાળ હોય છે માત્ર પોતાનાં જ ગુણો-કાર્યોનાં ગીતો મીઠાં-મરચાં ભરી ગાયા કરતા હોય છે. અઘજલ ગગરી છલકત જાય જેવો હોય છે.

સુવિચાર

- કાયર માણસો ખરેખરા મોત પહેલાં હજારવાર મરે છે, જયારે શૂરવીરો પરિવર્તનની તલવારને લટકતી રાખતા નથી, તેને પડકારે છે, આવકારે છે અને ભલે દ્વંદ્વ યુદ્ધોમાં તેઓ હારે કે જીતે તેઓ પોતાને નિઃશંક બહાદુર યોદ્ધા પુરવાર જરૂર કરે છે
  - ભૂપત વડોદરિયા
- મીઠી કે કડવી બદામ, એ બદામ જ છે, મીઠી કે કડવી જીંદગી એ તો જીંદગી જ છે 'નસીબ'ની કિંમતે તેનો ભાવ ગમે તે નક્કી કરો તો પણ - એસ. ભટ્ટાચાર્ય
- સંસ્કારની પરમ ગંગોત્રી પરમાત્મા કે પ્રકૃતિ છે - ડો. ચંદ્રકાન્ત મહેતા
- દુઃખ જલ્દી વહેચાતું નથી કારણ કે પારકું દુઃખ દત્તક લેનાર કે સાંભળનાર પ્રમાણમાં ઓછા હોય છે - સમયસૂત્ર
- દરેક મા-બાપને રામ-લક્ષ્મણ જેવા બાળકો તો જોઇએ છે પણ દશરથરાજા જેવું હૈયું પોતાની પાસે છે કે નહીં તેનો જરાયે ખ્યાલ કરવો નથી - મોરારી બાપુ
- માણસ તરીકેની હિંમત નહીં હોય તો કોઇ જ્ઞાન કોઇ કામમાં આવતું નથી- જ્ઞાનસૂત્ર
- આજની ક્ષણ અગાઉની અસંખ્ય ક્ષણોનો રંગ છે - ઝેન કથન

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

ઘણીવાર જરૂરી ઉતાવળ હોય, મહત્ત્વનું કોઇ કામ હોય ચોક્કસ સ્થળે-નિયત સમયે પહોંચવાનું હોય ત્યારે આપણે 'કાયદા'નો ભંગ કરવાનું વાજબી ન નહીં 'કાયદેસર' લાગે છે. ભાજપના એક પ્રધાનશ્રીએ વહેલી સવારે ઉતાવળમાં વાહન-ટ્રાફીકના નિયમોનું ઉલ્લંઘન કર્યું અને હતા ન હતા થઇ ગયા. કોઇ જોતું ન હોય - પોલીસ હોય ન હોય કાયદા-નિયમોનું પાલન તો કોઇ પણ નાગરિકે કરવું જ જોઇએ. પ્રધાનશ્રી હોય કે પટ્ટાવાળો!

ઇંગ્લેન્ડમાં એક પ્રોફેસર કોલેજ પહોંચવાનું મોડું થયું હતું તેથી નિર્ધારિત ગતિ-મર્યાદાથી વધારે ઝડપથી ગાડી ચલાવતા હતા.

પ્રોફેસરને પોલીસે રોક્યા. વધારે ગતિનું કારણ પૂછ્યું. પ્રોફેસર અંગ્રેજીનો વિષય જ ભણાવતા હતા. તેથી એણે કવિ રોબર્ટ ફ્રોસ્ટની પંક્તિમાં જ જવાબ આપ્યો.

'એન્ડ માઇલ્સ ટુ ગો બિફોર આઇ સ્લીપ એન્ડ'. પોલીસ પણ અંગૂઠા છાપ નો'તો એણે અંતિમ પંક્તિઓનો સંદર્ભ આપી જવાબ આપ્યો. સાહેબ એમાં 'એકાંત કેડી પર ચાલવાની વાત છે.' આવા ભરચક હાઇવે પર ઘરેથી મોડા નીકળી સમયસર પહોંચવા કાયદાનો ભંગ કરનારા માટે એ કાવ્ય નથી લખ્યું.

પોલીસે દંડ લઇ પ્રોફેસરને પાવતી પકડાવી દીધી.

Email - sureshchandrabhatt18@gmail.com

ઓફિસના એક સહકર્મચારીની સાથે એક સ્ત્રીએ જુઠ્ઠી મિત્રતાની ગાંઠ બાંધી તેના લાખો રૂપિયાના ઘરેણાં, જમીન બધું હડપ કરી પોતાનો ફોન નંબર અને સરનામું બદલી પોતાની ઓળખ બદલી દગો કર્યો, આ બનાવની વાત જયારે જોરશોરથી રીસેસના સમયે થતી હતી, ત્યારે પિયુષના પગ પણ ધ્રુજવા લાગ્યા, કેમ કે તેમને પણ બંસરી વિષે ઝાંઝી કંઇ ખબર નહોતી

નવાં કલેવર

- નટવર હેડાઉ

શિયાળો બેસતાં જ વિદેશમાંથી યાયાવર પક્ષીઓનું આગમન થતું હોય છે એ જ રીતે વાયબ્રન્ટ ગુજરાત જેવા કાર્યક્રમોની સાથે સાથે એન.આર.આઇ.ઓની લગ્નની સિઝન પણ ખુલતી હોય છે અને જેઓ યુરોપ કે અમેરીકા, કેનેડાની બરફવર્ષા અને ઠંડી સહન કરતી શકતા નથી એવા આપણા એ લોકો આ સિઝનમાં વતનમાં આંટો મારવા પણ આવી જતા હોય છે.

પ્રેક્ષાની પંદર વર્ષ જૂની બહેનપણી વિદેશથી ભારત આવેલી, એટલે તેને ઘેર આવી. પોતાની રૂપાળી અને પૈસાદાર સાહેલીના આગમનથી પ્રેક્ષાનો કોલર જરા ઊંચો થઇ ગયેલો. તેણે પોતાની મોર્ડન સાહેલીનું દિલ ખોલીને સ્વાગત કર્યું.

પિયુષને પહેલાં તો આ જરા વિચિત્ર લાગ્યું. પણ જયારે અરસપરસ મુલાકાત થઇ ત્યારે પ્રેક્ષાની બહેનપણીને જોઇ તેનું મન એવું નાચી ઉઠ્યું જાણે કે જુના રમકડાંથી મન મનાવતા કોઇ બાળકને નવું રમકડું મળી ગયું.

પ્રેક્ષાને તેની બહેનપણી સાથે ખુબ જ સ્નેહ હતો તેથી તે ખુબ ખુશ થતી થતી ઘરનો એક એક ખૂણો તેને બતાવતી જતી હતી. અને તેનો અભિપ્રાય લેતી હતી. કોઇ વાતનું ખોટું લગાડતી નહોતી. અને ખોટું લગાડે પણ શા માટે તેની બહેનપણી બંસરી પણ એટલી જ સમજદાર હતી. મજા તો પિયુષને પણ આવતી હતી પણ એ જરા જુદા પ્રકારની. તેને બંસરી ગમવા લાગી હતી. કેમ? એ તો તે જાણતો પણ નહોતો ને જાણવા માંગતો પણ નહોતો. પિયુષ માટે તો એ એક ખુબ મોટું સરપ્રાઇઝ હતું કે જેના ફક્ત અવાજથી એ પરિચિત હતો એ પ્રેમાળ પરી સદેહે તેના ઘેર આવી પહોંચી હતી અને આવી એટલે ઘર જાણે કે સ્વર્ગ બની ગયું હતું. પિયુષ તેને મનોમન ચાહવા લાગ્યો હતો. અને બંસરી પણ એવી ચંચળ, ચપળ, હસમુખી અને આકર્ષક હતી. પિયુષ માટે તો એટલું પણ ઘણું હતું તે મનોમન પોતાને પંપાળતો અને પછી માફ કરવાં વિચારતો પ્રેક્ષાની સાથે એક ઘરેડમાં બંધાઇને તેનું જીવન સ્થગિત થઇ ગયું હતું. સોમથી શુક્ર ઓફીસમાં લાગ્યા રહેવાનું શનિવારે સવારે કે સાંજે પ્રેક્ષા સાથે બજારમાં જઇ શાકભાજી ને કરિયાણું લાવો, રવિવારે બંને છોકરાઓની વાતો સાંભળો એમાં સોમવાર આવી જાય. હાં ક્યારેક વળી ફિલ્મ જોવાનો કે મોલમાં જવાનો કાર્યક્રમ પણ થતો પણ એમાં પિયુષ તો ત્યાં પણ બોર થઇ જતો. આજકાલની ફિલ્મો બને છે પણ કેવી. હવે પહેલાંની જેમ ઝિન્નત અમાન, દેવાનંદ અથવા રાજકપુર નરગીસ કે પછી દિલીપકુમાર મધુબાલા જેવી હોટ જોડી સ્ક્રીન પર આવે તો પિકચર જોવાનો કંઇક અર્થ સરે. આજકાલના ગીતો તો બસ આવ્યા અને ગયા. એવા જ ફિલ્મોના પાત્રો, પહેલાં તો કેવી કેવી ફિલ્મો આવતી. આમ તો પિયુષને અમિતાભ-રેખાની બધી ફિલ્મો ગમતી પણ ઘેર શાંતિથી બેસીને જોવાનો સમય ન રહેતો. આખું વીક ઉદાસીનતા અને થાકમાં વીતતું પણ છેલ્લા પંદર દિવસથી ઘરમાં જાણે કે તાજી હવાની લહેરખી આવી છે. એમ લાગતું કે મનમોર થનગનાટ કરવા લાગ્યો છે. પિયુષ આજકાલ ખુશ ખુશ રહેતો હતો. બંસરી પણ તેની સામે એવી રીતે જોતી. ખીલખીલાટ હસતી અને ક્યારેક મજાક મસ્તી પણ કરી લેતી. હાં હજું સુધી એવી પળ આવી નહોતી કે પિયુષ આત્મીયતાથી તેના મનની વાત બંસરીને કરી શકે... જો કે બંસરી પુરા બે મહિના માટે આવી હતી. એટલે પિયુષને એ વાતની નિરાંત હતી કે એક બે દિવસમાં મનની વાત બંસરીને કહી દેશે.

આવું બધું વિચારતાં વિચારતાં પિયુષને એ વાતનું ધ્યાન પણ ન રહ્યું કે આ અઠવાડિયાના ઘણાં કામો કરવાનું ભુલાઇ ગયું છે. વીમા પોલિસીનું પ્રિમિયમ ભરવાનું, ગેસ નોંધાવવાનો હતો, છોકરાઓની ફી ભરવા જવાનું હતું. વળી એક મિત્રની દીકરીના લગ્ન હતા તેમાં જવાનું પણ ભુલાઇ ગયું. ન તો તેમને ફોન કરી શકાયો કે મેસેજ કરી માફી પણ માંગી ન શકાઇ. અરે! આ બંસરી, એમ મનમાં બબડતો એ ઓફિસમાં દાખલ થયો. તાત્કાલિક કામોને પતાવવા લાગ્યો. આજે પિયુષ જરા વહેલો ખરે જવા માંગતો હતો. તેને એમ થયું કે શહેરની કોઇ મોંઘી રેસ્ટોરન્ટમાં બંસરીને ડીનર માટે લઇ જવી. તેથી એ કેબિનમાં ઘુસતાં જ ફટાફટ ફાઇલોનો નિકાલ કરવામાં લાગી ગયો. પરંતુ બપોરના સમયે તેને એક એવો બનાવ જાણવા મળ્યો કે બધું જ બદલાઇ ગયું. તેનો ઓફિસના એક સહકર્મચારીની સાથે એક સ્ત્રીએ જુઠ્ઠી મિત્રતાની ગાંઠ બાંધી તેના લાખો રૂપિયાના ઘરેણાં, જમીન બધું હડપ કરી પોતાનો ફોન નંબર અને સરનામું બદલી પોતાની ઓળખ બદલી દગો કર્યો. આ બનાવની વાત જયારે જોરશોરથી રીસેસના સમયે થતી હતી. ત્યારે પિયુષના પગ પણ ધ્રુજવા લાગ્યા. કેમ કે તેમને પણ બંસરી વિષે ઝાંઝી કંઇ ખબર નહોતી. બસ એટલી ખબર હતી કે ન્યુજર્સીમાં રહે છે. તેનો પતિ મોટો બિઝનેશમેન છે અને તે લાંબી રજા ગાળવા અહીં આવી છે. બાકી ખુદ પ્રેક્ષાને પણ ખબર નહોતી કે બંસરીના માતાપિતા, ભાઇબહેન ક્યાં છે, કેવા છે? તેને ક્યારે ફોન કરે છે કે પછી કરતાં નથી. વિગેરે વિગેરે...

ઓહ! પિયુષ બપોરની રીશેષ પછી પાછો પોતાની કેબિનમાં આવ્યો ત્યારે તેના હાથ સુન્ન પડવા લાગ્યા. તેણે વિચાર્યું કે આજે ઘેર જઇને સાંજે બહાર જમવા જવાનું રહેવા દઉં. પહેલા ચુપચાપ ફેસબુક કે ગુગલ પર બંસરીની હકીકત કાઢી જોઉં, ખરેખર સાચું શું છે? ક્યાંક ઠગ તો નથી ને? અમને બુદ્ધુ સમજીને ક્યાંક લૂંટીને બધું સાફ કરવા તો આવી નહીં હોય ને, પિયુષે પોતાની જાત પર કાબુ મેળવવાની કોશિશ કરતાં ઘણાં દિવસે પ્રેક્ષાને એક ફોન કર્યો. પ્રેક્ષા તો ખુબ ખુશ જણાતી હતી. પ્રેક્ષાએ કહ્યું કે તેણે સાંજે બંસરીને તેના દાગીના પહેરવા આપ્યા છે. હા વધુ કંઇ નહીં એક ડાયમન્ડની વીંટી અને બે કંગન. જયારે પિયુષે પુછ્યું કે બંસરી કયા છે તો પ્રેક્ષા એ કહ્યું કે એ તેના શોપિંગ માટે એકલી બજાર ગઇ છે. હજુ પાછી આવી નથી. ફોન પણ ઉપાડતી નથી.

પિયુષે પ્રેક્ષાને ફોન પર ડરાવવાનું યોગ્ય ન લાગ્યું. હજુ ઓફિસથી છુટવામાં બે કલાક બાકી હતા. પિયુષે પ્રેક્ષાને છોકરાઓ બાબતમાં પુછ્યું. અને વાત પુરી કરી ફોન મુકી દીધો. પછી તો બે કલાક સુધી જેમ તેમ કામ પતાવી પિયુષ રોકેટ ગતિએ ઘર તરફ પાછો ફર્યો. આજે સાંજે બસમાં બેઠાં બેઠાં તેને એમ જ લાગતું હતું કે બંસરી જરૂરથી ગુમ થઇ ગઇ હોવી જોઇએ હવે ચિંતા એ વાતની હતી કે કોણ જાણે બીજી પણ કેટકેટલી વસ્તુઓની ઉઠાંતરી કરીને એ ભાગી ગઇ હશે. પિયુષ હજુ બસમાંથી ઉતર્યો નહોતો ત્યાં પ્રેક્ષાનો ફોન આવ્યો કે બંસરી પાછી આવી ગઇ છે અને ઘરનાં બધા માટે કંઇ ને કંઇ ખરીદીને લાવી છે. સાથોસાથ પોતાના તરફથી રાત્રે બધાને જમવા માટે છપ્પનભોગ રેસ્ટોરન્ટમાં લઇ જવા માંગે છે. પિયુષને મનમાં જરા નિરાંત થઇ. ફક્ત હા કરીને ફોન કાપી નાંખ્યો.

ઘર સુધી પહોંચતા સુધીમાં તેણે ઘણું બધું વિચારી લીધું. તેણે ઘરમાં આવતાની સાથે જ કહ્યું કે આજે તેને ઘણું કામ છે. કેમ કે કાલે મીટીંગ માટે પ્રેઝેન્ટેશન તૈયાર કરવાનું છે. સાથોસાથ આજે રાતે તેણે મગદાળની ખીચડી ખાવાની ઇચ્છા છે તેમ કહ્યું. તે દરમિયાન તેણે બંસરી તરફ ધ્યાનથી જોયું અને ખાત્રી કરી કે બંસરીએ પ્રેક્ષાના ઘરેણાં કાઢી નાંખેલો છે અને પાછાં આપી દીધા છે.

પછી ચુપચાપ પોતાના રૂમમાં જઇ પિયુષ કામના બહાને મોડે સુધી કંઇક વિચાર કરતો રહ્યો. કેમ કે હવે એ આ બંસરીથી છૂટકારો મેળવવા માંગતો હતો. જો કે ડરવા જેવું કંઇ હતું નહીં. તેને થાકી ગયો છે એમ સમજીને પ્રેક્ષા તેના રૂમમાં રહ્યા આપી ગઇ અને કહ્યું કે બંસરીને દાગીના પાછા આપી દીધા છે. પિયુષે બહાનું કાઢ્યું અને મનોમન પ્રેક્ષા પ્રત્યે ખુબ પ્રેમ વરસાવી કામ કરવા મંડી પડ્યો. જોકે તેનો એક ફાયદો પણ થયો. તેનાં ઘણાં પેન્ડીંગ કામો આ બહાને તેણે પતાવી નાખ્યા.

તે રાતે તેણે જરૂર પુરતી જ વાત વોત કરી. અને તે પણ બાળકો સાથે. પિયુષે બાળકોને મજા પડી જાય તેવી વાતો કરી. પણ તેનો ઝાઝો કંઇ ફાયદો નહોતો કારણ કે બાળકો ઘસઘસાટ ઊંઘતા હતા.

તે રાતે પિયુષને ઉંઘ બરાબર આવી નહીં. તેના મગજમાં આખી રાત ગડમથલ થતી રહી. બીજે દિવસે બપોરે પોતાની ઓફિસમાંથી ફોન કરીને પ્રેક્ષાને કહ્યું કે કહેજે કે તેની રહેવાની વ્યવસ્થા ગેસ્ટ હાઉસમાં હું કરી આપું છું. કારણ પુછતા તેણે જણાવ્યું કે આપણે બે દિવસ પછી સહકુટુંબ મદ્રાસ જવાનું છે. કેમ જવું છે? એવું પ્રેક્ષાએ જરા ભાર દઇને પુછયું છતાં પિયુષે તેનો બરાબર જવાબ ન આપ્યો. પ્રેક્ષાને એમ લાગ્યું કે કદાચ કોઇ મિત્ર કે પરિચિત સંબંધીનું જરૂરી કામ હશે. આમ પણ શનિ-રવિમાં બહાર જવાનું બાળકો માટે પણ અનુકૂળ પડતું તેથી પ્રેક્ષાએ હસતાં હસતાં બંસરીને વાત કરી. ફરવા જવાની વાતે બાળકો તો ખુશ થઇ ગયા. અને પિયુષ સૌથી વધુ રાજી થયો. છેવટે બંસરીથી જાન છૂટતી હતી. હવે તેને જે કરવું હોય તે કરે. આપણે તો ચાર દિવસ માટે ગેસ્ટ હાઉસમાં વ્યવસ્થા કરી દીધી. બીજું આપણે શું કરીએ.

પ્રેક્ષાને અડધે રસ્તે ગયા પછી પિયુષે એક ખુશખબર આપી. તેનું એક વર્ષથી અટકેલું ઇન્ક્રીમેન્ટ આપવાનો ઓર્ડર થઇ ગયો છે. તે સાથે તેને આવતા મહીનાથી પેટ્રોલ બચાવવા બદલ ઓફિસમાં થનાર ફંકશનમાં સન્માનિત કરવાનો છે. પ્રેક્ષાએ ખુશ થઇ અભિનંદન આપ્યા. તેને ખબર હતી કે પિયુષ એવો કર કરસીયો છે કે ઘેર કાર હોવા છતાં ઓફિસે બસમાં જ જાય છે. તેની આ આદત બદલ ઘણા લોકો તેનો દાખલો આપે છે.

મદ્રાસ પહોંચતા પ્રેક્ષા બે વાતે ખુશ હતી. એક તો અચાનક ફરવા જવાનું થતાં બાળકો ઉત્સાહમાં આવી ગયા હતા. તેવામાં બંસરીનો ફોન આવ્યો. તેણે કહ્યું કે તે પોતાના સાસરે જઇ રહી છે. અને હવે કદાચ પાછા મળી ન શકાય. બંસરીનું સાસરું દહેરાદૂન હતું જે ગાંધીનગરથી ઘણું દૂર હતું. બંસરીએ સૌને યાદ કર્યા. તે એક મહિનો દહેરાદૂન રહી પાછા વિદેશમાં જવાનો કાર્યક્રમ બનાવી ચુકી હતી.

આ બધું જાણીને પિયુષને ખુબ શાંતિ થઇ. તે કોણ હતી? તેનાથી તેને શું લેવા દેવા. તેને પોતાનું કામ છે. પત્ની છે, બાળકો છે, ખાલી અમથી બંસરી તેની સુખી ઝિંદગીમાં વાવાઝોડું બનીને આવી હતી. ચાલો એ વાવાઝોડામાંથી બચી ગયા. પિયુષે મનમાં ને મનમાં મદ્રાસના શાંત સમુદ્રને યાદ કર્યો. હવે તેના જીવનમાં શાંતિ અને સમજ પાછી આવી ગઇ હતી તેથી પિયુષ મનોમન ખુબ ખુશ હતો.

- vanvihari@gmai.com

'અભિનય સમ્રાટ'...!! ગુજરાતી ચલચિત્રોના એકમાત્ર સુપરસ્ટારનો અસ્ત...!!

નમણો એ નાયક હતો, નાટ્યકલાનું કેન્દ્ર, બેજોડ બહુરૂપી હતો, અદ્‌ભૂત હતો ઉપેન્દ્ર

''ચાલો તૈયાર થઇ જાવ ઇન્દ્ર, આવી રહ્યા છે, 'હું એ નથી' ના અભિનય સમ્રાટ ઉપેન્દ્ર''

ઉપેન્દ્ર ત્રિવેદી, સ્નેહલતા, ફિરોઝ ઇરાની, રમેશ મહેતા, પી. ખરસાણી, મુળરાજ રાજડા, પદમા રાણી, અરૂણા ઇરાની, અસરાની, કેશવ રાઠોડ, અવિનાશ વ્યાસ, કિરણ કુમાર... અવિસ્મરણીય સંગીત, સુંદર કથા-પટકથા, સાહિત્યની પ્રસિદ્ધ નવલકથા એના લેખકો મનુભાઇ પંચોળી, પન્નાલાલ પટેલ, ઝવેરચંદ મેઘાણી... હિન્દી ફિલ્મોને સમાંતર ગુજરાતી ફિલ્મ રજૂ થાય અને ગુજરાતી ફિલ્મનો શૉ હાઉસફુલ હોય એવા ગુજરાતીઓ પોરસાય એવાં દંશ્યો ૧૯૭૧ થી ૧૯૮૧ વચ્ચે. આ ગુજરાતી ફિલ્મોનો સુવર્ણકાળના સાક્ષી સૌને અનુભવ્યા હશે...

ગુજરાતી ફિલ્મોની બોલબાલાના એ જમાનામાં સેક્ટર-૧ ૬ શાલીમાર સિનેમાની પાછળ આવેલા ખોડિયાર માતાના મંદિર પાસે મારું સરકારી ઘર. વાત છે ૧૯૭૭ની, અમારા ઘરના આગળના બીજા ચોકમાં ગુજરાતી ફિલ્મોના લેખક કેશવ રાઠોડ રહેતા હતા... દિવાળીનો સમય હતો, એ અરસામાં એમની 'સોન કંસારી' ફિલ્મ ધૂમ મચાવતી હતી અને સમાચાર મળ્યાં કે ઉપેન્દ્ર ત્રિવેદી-સ્નેહલતા, કેશવ રાઠોડને ઘરે આવવાનાં છે. આ વાત એમના ઘરે કામ કરતા રામલાએ કરી... બસ, બધા મિત્રોની ટોળકીએ કેશવ રાઠોડને ઘરે જાસૂસી ચાલુ કરી અને સાંજે સફેદ એમ્બેસેડરમાં ઉપેન્દ્ર ત્રિવેદી આવ્યાં, મજાની વાત એ બની કે કેશવ રાઠોડે જ ચિલ્લર પાર્ટીને એમની સાથે મુલાકાત કરાવી... આજેય એ કિસ્સો યાદ કરતા રોમાંચિત થવાય છે!

ઉપેન્દ્ર ત્રિવેદી એટલે ગુજરાતી રંગભૂમિ અને ચલચિત્રોના એક માત્ર સુપરસ્ટાર... એમના સમાંતરે અરૂણા ઇરાની, કિરણ કુમાર ચાલતાં, પછી નરેશ કનોડિયાએ આવીને ગુજરાતી ફિલ્મો ચલાવી. સુપરહીટ પણ થઇ, પણ ઉપેન્દ્ર ત્રિવેદી વાળી વાત એમાં ક્યાંથી આવે? પેથાપુરમાં આવેલી રૂપરાજ સિનેમા એટલે પતરાની પેન્ટ ફાડતી ખુરશીમાં બેસીને ગુજરાતી ફિલ્મો માણવાની ફેવરીટ જગ્યા... ગરવો ગરાસીયો, રાણક દેવી, મચ્છુ તારા વહેતા પાણી, સોરઠની પદમણી, ચૂંદડીનો રંગ, ચૂંદડી ઓઢી તારા નામની, જોગીદાસ ખુમાણ, પાતળી પરમાર, સંતુ રંગીલી, સોન કંસારી... આહાહા શું મજા હતી. ભાડાની સાયકલ પણ ત્રણ સવારી જઇ લોઅરમાં બેસીને ગુજરાતી ફિલ્મોનો સુવર્ણકાળ માણેલો એ આજના મલ્ટીપ્લેક્ષ શું મજા આવે?

ગુજરાતી ફિલ્મોએ જે સુવર્ણકાળ જોયો એને ઉપેન્દ્ર યુગ કહીએ તો ખોટું નથી. ૧૪ જુલાઇ ૧૯૩૭માં મધ્યપ્રદેશના ઇન્દોરમાં જન્મેલા ઉપેન્દ્ર ત્રિવેદી સાબરકાંઠાના ઇડર પાસેના કુકડીયા ગામના વતની. ફિલ્મ અને નાટકમાં અભિનય ઉપરાંત તેઓ સાહિત્ય મર્મજ્ઞ હતા. એમને બોલતા સાંભળવા એ લહાવો હતો. ૧૯૬૦થી કાદુ મકરાણી ફિલ્મથી ગુજરાતી પડદે ચમક્યા... રા'નવગણ, રા'માંડલિક, હિરો સલાટ, મહેંદી રંગ લાગ્યો અને લીલુડી ધરતી જેવી ગુજરાતી ફિલ્મોમાં સહઅભિનેતા રહ્યાં... ૧૯૭૧માં 'જેસલ તોરલ'માં મુખ્ય ભૂમિકા ભજવી અને સફળતા પર સવાર થયા... રાજા ભરથરી, શેતલને કાંઠે, ભાદર તારા વહેતા પાણી, હોથલ પદમણી જેવી ઉપરાઉપરી હીટ ફિલ્મે તેમને ગુજરાતી ફિલ્મોના લોકલાડીલા સુપરસ્ટાર બનાવી દીધાં...

ઉપેન્દ્ર ત્રિવેદી એમના પાત્રમાં આબેહુબ ઢળી જતાં, એમણે મનુભાઇ પંચોળીની નવલકથા 'ઝેર તો પીધા જાણી જાણી' અને પન્નાલાલ પટેલની નવલકથા 'માનવીની ભવાઇ' પરથી ફિલ્મો બનાવી અને તેને રાજય અને રાષ્ટ્ર કક્ષાએ પુરસ્કાર મળ્યા છે. 'કહ્યાગરો કંથ' નાટકથી તખ્તા પર પ્રવેશનાર ઉપેન્દ્ર ત્રિવેદીનું 'અભિનય સમ્રાટ' નાટક અને એમાં રિવોલ્વીંગ સ્ટેજની ટેકનિકથી તલોદના તમાકુના વેપારી 'પશા' એ તો જાણે રંગભૂમિ ગજવી દીધી.. એ નાટકનો એમનો અભિનય, ત્વરીત ડ્રેસીંગ ચેન્જ અને વિવિધ પાત્રોથી એ સાચા અર્થમાં 'અભિનય સમ્રાટ' બની ગયા...

'પાપ તારુ રે પરકાશ જાડેજા, ધરમ તારો સંભાળ રે' જેવા ગીતના ગાયિકા દિવાળીબેન ભીલ કે સંગીતના તબલા ઉત્સાદ હાજી રમકડુંબધાને ઉપેન્દ્રભાઇ પ્રિય... એમણે ભજવેલા પાત્રોમાં માલવપતિ મુંજ, જેસલ જાડેજા, રા'ખેંગાર કે પછી 'માનવીની ભવાઇ' નો કાળુદરેક પાત્ર જોરદાર નિભાવેલું... એમની ફિલ્મના ગીતોની કેસેટો પણ એ જમાનામાં ધૂમ ચાલતી. ગુજરાતી ચિત્રપટ સંગીતના આકાશવાણીના કાર્યક્રમમાં એક સમય એવો હતો કે દસ માંથી દસ ગીતો એમના વાગતા હોય...

સોના ઇંઢોણી રૂપા બેડલું રે વાલમ, મોરલડી વાગી રે, હે તારી વાંકી તે પાઘલડીનું ફુમતું રે મને ગમતું રે, મારું વનરાવનને રુડું કે વેકુંઠ નહીં રે આવું, અમે મહિયારા રે ગોકુળ ગામના, વાંસલડી વાગી રે, તમે કીયા તે ગામના ગોરી રાજ, અચકો મચકો કારેલી... એક એક ગીત આજેય એટલાં જ સ્મરણમાં છે.

અમિતાભ - રેખા જેવી જ આ જોડી રોમાંટીક કહેવાતી. ઉપેન્દ્ર-સ્નેહલતાની ૨૦ થી વધુ ફિલ્મો આવેલી હતી... એમની યાદગાર ફિલ્મોમાં માનવીની ભવાઇ, અમર દેવીદાસ, અમરસિંહ રાઠોડ, ભાદર તારા વહેલા પાણી, મહેંદી રંગ લાગ્યો, જોગીદાસ ખૂમાણ, જેસલ તોરણ, ઝેર તો પીધાં જાણી જાણી, રાજા ભરથરી, હરિશચંદ્ર તારામતી, શેતલને કાંઠે, સંતુ રંગીલી, માલવપતિ મુંજ, પાતળી પરમાર, નવરંગ ચૂંદડી, વીરપસલી, કાદુ મકરાણી, હોથલ પદમણી, ભવભવના ભેરુ, પૈસા બોલે છે, માલી મૈથાણ, હલામણ જેઠવો, વીર માંઝાવાળો, સુરજચંદની શાખે... અને આ બધામાં મારું ફેવરીટ એટલે 'સોન કંસારી' અને એના ગીતો એટલે હું તો મારે મહિયર ગઇતી રંગ મોરલી, તમે કીયા તે ગામના ગોરી રાજ, પાટણથી પટોળા મોંઘા લાવજો, તમારા દલડાને વારો, છીયે દુઃખીયારા અમે... બસ, મન ધરાઇ જાય આ એક જ ફિલ્મમાં!!

નાટકની મૂળ કથા ભલેને પન્નાલાલ પટેલ, દર્શક કે ઝવેરચંદ મેઘાણીની હોય એમાં નાટ્યતત્ત્વ ઉમેરવામાં ઉપેન્દ્ર ત્રિવેદીને કોઇ ન પહોંચે. ૧૯૯૯માં આવેલી 'મા-બાપને ભૂલશો નહીં' ફિલ્મમાં એમણે નરેશ કનોડિયા સાથે કામ કર્યું હતું. એમની અરૂણા ઇરાની સાથેની એકમાત્ર ફિલ્મ 'સંતુ-રંગીલી' એ સુપરડુપર હીટ હતી. ૧૦૦ થી વધુ ફિલ્મો અને ૭૫ થી વધુ નાટકોમાં કામ કરનારા ઉપેન્દ્ર ત્રિવેદીના જમાનામાં ટેકનોલોજી નહોતી એટલે એમને કેટલા કષ્ટ કરવા પડ્યા હશે, સમજી શકાય છે... ઝવેરચંદ મેઘાણીના તેઓ કર્મઠ અભ્યાસુ હતા અને એટલે જ એમણે એ પાત્રોની ચિરંજીવ બનાવ્યા છે. કલા અને સાહિત્યમાં એમનું યોગદાન એ નોંધપાત્ર છે, આપણે આમા એમની રાજકીય કારકિર્દીની તો વાત જ નથી કરવી!!

ગુજરાત રાજયની નાટ્ય સ્પર્ધા અનુસંધાને ૧૯૮૮માં ઇડર પાસેના જાદર ગામે ઉપેન્દ્ર ત્રિવેદી, પી.ખરસાણી, જીતેન્દ્ર ઠક્કર અને દર્શન જરીવાલા સાથે મુલાકાત થયેલી અને ત્યારે એમણે ત્યાં નિર્ણાયક હોવા છતાં પબ્લીક ડિમાન્ટ પર સ્ટેજ પર આવીને ફિલ્મના ડાયલોગ્સ અને એક ગીત ગાઇ બતાવેલું જે પણ એક યાદગાર સંભારણું બન્યું છે....

(અનુસંધાન પાના નં. ૬ પર)

દરેક સંબંધોમાં સાસુ-વહુનો મિજાજ

ગુલમહોર

- દિનેશ દેસાઇ

અંગ્રેજી સાહિત્યકાર અર્નેસ્ટ હેમિંગ્વે કહે છે કે તમે જીવનસાથી તરીકે કોઇને પસંદ કરી શકો છો, પરંતુ તમારા સગા-વહાલા અને પાડોશીને તમે પસંદ કરી શકતા નથી.

આપણે સમજી શકીએ છીએ કે સમાજમાન્ય લગ્ન અથવા પ્રેમલગ્નમાં જીવનસાથીની પસંદગી થઈ શકે છે, પરંતુ લગ્ન કર્યા પછી જે લોકો આપોઆપ સ્વજનો બને છે, એને સ્વીકારવા જ પડે છે. કેમ કે એ બધા જ સ્વજનો લગ્નસંબંધની સાથે જ જોડાઈને આવે છે.

દરેક સંબંધોમાં આપણને સાસુ-વહુના સંબંધ, રિલેશનશીપનો મિજાજ જોવા મળતો જ હોય છે. જે વ્યક્તિ સહેજ શરમ, સંકોચ અને પોતાના સંસ્કારો થકી નમ્રતા દાખવે અને બધા સાથે સરળ તથા સહજ વર્તાવ કર